ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ

વડી કચેરી,ગાંધીનગર.

કાર્યાલય આદેશ

વિષય:-ઉદ્યોગોનું વર્ગીકરણ કરવા બાબત

સંદર્ભ :- કાર્યાલય આદેશ ન.ગુ.પ્ર.નિ.બોર્ડ/લીગલ-૬૭(૪)/૧૪૦૯૪ તા-૯-૫-૨૦૦૭

કેન્દ્ર સરકાર ધ્વારા હાલમાં ઉદ્યોગોનું વર્ગીકરણ તા-૦૧-૦૬-૨૦૨૦થી કરી માઇક્રો, સ્મોલ, અને મિડીયમ એન્ટરપ્રાઇઝ ડેવલોપમેન્ટ એકટ ૨૦૦૬ મુજબના અગાઉના નોટીફીકેશનને રદ કરેલ છે. જે અંગે બોર્ડ ધ્વારા અગાઉના સંદર્ભીત કાર્યાલય આદેશ નં.ગુ.પ્ર.નિ.બોર્ડ/લીગલ-૬૭(૪)/૧૪૦૯૪ તા-૯-૫-૨૦૦૭ કરીને તે સમયે વર્ગીકરણ અપનાવવામાં આવેલ.કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં માઇક્રો, સ્મોલ, અને મિડીયમ એન્ટરપ્રાઇઝ ડેવલોપમેન્ટ એકટ ૨૦૦૬ મુજબ ઉદ્યોગોનું વર્ગીકરણ કરી તા-૧-૦૬-૨૦૨૦ના અધિસુચનથી જાહેર કરેલ છે. જે તા-૧-૭-૨૦૨૦ થી અમલમાં આવેલ છે. જેને અનુલક્ષીને બોર્ડની કાર્યવાહીમાં ઉદ્યોગોનું વર્ગીકરણ અપનાવવું જરુરી છે. જે અંગે નીચે મુજબ સુધારા કરવા અંગેની દરખાસ્ત બોર્ડની તા.૨૫/૦૬/૨૦૨૦ના રોજની બોર્ડની ૨૫૪મી બેઠકમાં મંજુર થયેલ છે. તે મુજબ ઉદ્યોગોનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

| ક્રમ | એકમનો પ્રકાર | અગાઉના કાર્યાલય આદેશમુજબરોકાણ | નવા વર્ગીકરણ મુજબ પ્લાન્ટ અને મશીનરીમાં રોકાણ |
|---|---|---|---|
| ૧ | માઇક્રો એન્ટરપ્રાઇઝ | રૂ.૨૫ લાખ સુધી | રૂ.૧ કરોડ સુધી |
| ૨ | સ્મોલ એન્ટરપ્રાઇઝ | રૂ.૨૫ લાખથી વધુ અને રૂ.૫ કરોડ સુધી | રૂ.૧ કરોડથી વધુ અને રૂ.૧૦ કરોડ સુધી |
| ૩ | મિડીયમ એન્ટરપ્રાઇઝ | રૂ.૫ કરોડથી વધુ અને રૂ.૧૦ કરોડ સુધી | રૂ.૧૦ કરોડથી વધુ અને રૂ.૫૦ કરોડ સુધી |
| ૪ | બીગ એન્ટરપ્રાઇઝ | રૂ.૧૦ કરોડથી વધુ | રૂ.૫૦ કરોડથી વધુ |

**ઉપર દર્શાવ્યા મુજબનું વર્ગીકરણ અપનાવવા અંગેના આ હુકમનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.**

( એ.વી. શાહ)

સભ્યસચિવ

નં: ગુ.પ્ર.નિ. બોર્ડ/લીગલ-જન-૬૭(૭)/ 563905 07 JUL 2020

નકલ રવાના- ૧. મા.અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી

૨. મા.સભ્યસચિવના અંગત સચિવશ્રી

૩. દરેક યુનિટ હેડશ્રી તથા દરેક પ્રાદેશિક અદિકારીશ્રી

૪. આઇ.ટી.સેલ